ઇ-ધરા વ્યવસ્થાપનઃ રાજ્યના તમામ ખાતેદારોના આધાર સીડીંગ બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૬/૦૮/૦૩/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૧૧/૨૦૧૬

પરિપત્રઃ

ઇ-જમીન સીસ્ટીમમાં લેન્ડ રેકર્ડ તથા સબ રજીસ્ટાર કચેરીઓને ઇન્ટીગ્રેટેડ કરવા રાજ્યના તમામ ખાતેદારોના ફોટા, ફીંગર પ્રીન્ટ તથા ડેટા એન્ટ્રી માટે ખાનગી એજન્સીઓ મારફત ડેટાબેઝ કલેક્ટ કરવાની કામગીરીનો પ્રોજેક્ટ સને-૨૦૧૦ માં હાથ ધરવામાં આવેલ હતો જે અન્વયે અંદાજે ૩૩% જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે.

ભારત સરકાર દ્વારા દેશના તમામ પ્રજાજનોને ઓળખના પુરાવા તરીકે યુનિક આઇ-ડી (આધાર કાર્ડ) આપવામાં આવી રહેલ છે. ભારત સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ડીબીટી હેઠળ આવરી લેવા તથા અન્યં સેવાઓ કે અરજદાર / લાભાર્થી બાબતો જ્યાં ઓળખના પુરાવાની જરૂરીયાત રહેતી હોય ત્યાં આધાર સીડીંગ કરવાની સૂચનાઓ અમલમાં છે.

સદરહું કામગીરી ઝુંબેશના રૂપે કરવામાં આવતી હતી પરંતુ ફોટો, ફીંગર પ્રીન્ટ તથા ડેટા એન્ટ્રીની કામગીરી હાલમાં ખેતીની જમીનના વેચાણ વ્યહારના કિસ્સામાં જ મેળવવામાં આવે છે. ખેડૂત / ખાતેદારના આધાર સીડીંગ માટે આધાર નંબર મેળવવાની કામગીરી હાથ ધરી શકાય તે માટે ઉક્ત કામગીરી પૂર્ણ કરવા નીચે મુજબની કાર્યપધ્ધતિ અમલમાં મુકવામાં આવે છે.

ખેડૂત / ખાતેદારો નીચે મુજબની કામગીરી માટે ઇ-ધરા, ઇ-ગ્રામ કેન્દ્, જનસેવા કેન્દ્રમાં તથા બેંકમાં આવતા હોય છે તે દરમ્યાન તેમની પાસેથી આધારની વિગતો મરજીયાત રીતે મેળવવાનું રાખવું.

૧. ઇ-ગ્રામ અને જનસેવા કેન્દ્રમાં રેકર્ડ ઓફ રાઇટની નકલ લેવા માટે આવે ત્યારે.

૨. ઇ-ધરા કેન્દ્રમાં જમીનના વ્યવહારની ફેરફાર નોંધ દાખલ કરાવવા આવે ત્યારે.

૩. સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજનુ રજીસ્ટ્રેશન કરાવવા આવે ત્યારે

૪. બેંકમાં બોજાની નોંધ દાખલ કરાવવા / કમી કરાવવા આવે ત્યારે.

૫. તેમજ સ્વૈચ્છિક રીતે કોઇ ખેડૂત / ખાતેદાર પોતાના ખાતામાં આધાર કાર્ડનું સીડીંગ કરવા માગતો હોય ત્યારે.

આમ, ઉપર્યુક્ત કિસ્સાઓમાં ખાતેદારો પાસેથી આધાર કાર્ડનંબર મેળવવાના રહેશે અને સીડીંગ કરવાના રહેશે. અરજીની પ્રોસેસ થાય તે પહેલાં ખેડૂત / ખાતેદારનો આધાર કાર્ડ છે કે કેમ? જો હોય તો નંબર દાખલ કરવાની અને જો ન હોય તો અરજી પર આગળની પ્રક્રિયા હાથ ધરી શકાય તે પ્રમાણે ઇ-ધરાની વિવિધ એપ્લીકેશનમાં જોગવાઇ કરવા એનઆઇસી, ગાંધીનગરએ વ્યવસ્થા કરવાની રહેશે. રાજ્યના તમામ કલેક્ટરશ્રીઓ તથા સંબંધિત તમામને આ પધ્ધતિનો મરજીયાત રીતે અમલ કરવા માટે આ સૂચનાઓ આપવામાં આવે છે.

આમ, ઉપર્યુકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે નિશ્ચિત કરવાનું રહેશે.

22/11

પ્રોજેક્ટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

કલેકટરશ્રી (તમામ)

નકલ સાદર રવાના:

- મહેસૂલ તપાસણી કમીશનરશ્રી, ગાંધીનગર
- સીઆઇઓ, એનઆઇસી, ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગર